રાજ્ય સરકારના અનામતના હેતુ માટે ઉન્નત વર્ગમાંથી બાકાત હોવા અંગેના પ્રમાણપત્રના સરળીકરણ બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૫/૬/૨૦૧૫

**વંચાણમાં લીધા :-**

(૧) ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગના તા.૧/૪/૧૯૭૮ના ઠરાવ ક્રમાંક: બીસીઆર/૧૦૭૮/૧૩૭૩૪/ફ

(૨) ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ પર્સોનલ, પબ્લીક ગ્રીવન્સીસ અને પેન્શન (ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેઇનીંગ)ના તા.૮/૯/૧૯૯૩ના OM નં.૧૩૬૦૧૨/૨૨/૯૩-Estt. (SCT)

(૩) ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા.૨૩/૨/૧૯૯૪ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૪૩૯૪/૧૯૧/અ

(૪) ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા.૧/૧૧/૧૯૯૫ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૧૯૪/ ખા.૧૦૯/અ

(૫) ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા.૬/૨/૧૯૯૬ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૪૯૪/૯૫૯/અ

(૬) ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ પર્સોનલ, પબ્લીક ગ્રીવન્સીસ અને પેન્શન (ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેઇનીંગ) ના તા.૧૪/૧૦/૨૦૦૪ના પત્ર ક્રમાંક: ૩૬૦૩૩/૫/૨૦૦૪ Estt.(Res)

(૭) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૦૯/૧૬૬૩/અ

(૮) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨/૬/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૪૦૮/૧૭૫૬/અ

**પ્રસ્તાવના :-**

૧. ગુજરાત રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે રચાયેલા એ.આર.બક્ષી કમિશનની ભલામણોનો વંચાણ ક્રમાંક (૧) આગળના તા.૧/૪/૧૯૭૮ના ઠરાવથી સ્વીકાર થયા બાદ ગુજરાત રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/અન્ય પછાત વર્ગ (OBC-SEBC) માટે રાજ્ય સરકાર હેઠળની નોકરીઓમાં આ વર્ગોના અનામતની શરૂઆત

થયેલ. નામ. સર્વોચ્ચ અદાલતના ઇન્દ્રા સાહ્નની અને બીજાઓ વિરુધ્ધ ભારત સરકાર અને બીજાઓના તા.૧૬/૧૧/૧૯૯૨ના [રીટપીટીશન (સીવીલ) નં.૯૩૦-૧૯૯૦]ના ચુકાદા પછી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર હેઠળ સરકારી નોકરીઓમાં ૨૭% અનામતના અમલની શરૂઆત થયેલી છે. આવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો/ અન્ય પછાત વર્ગોને અનામત આપતા આ વર્ગોમાંથી ઉન્નત વર્ગોના (Creamy layer) ઉમેદવારોને બાદ (Rules of Exclusion) કરવાની પણ કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારે નીતિ સ્વીકારી છે. ભારત સરકારે તેના દાયરામાં આવતી અનામત નીતિ માટે વંચાણ પરના ક્રમાંક (૨) ના OM થી અને તે પછીના વખતોવખતના હુકમોથી નીતિ નક્કી કરેલી છે. રાજ્ય સરકારે પણ ક્રમાંક (૪) આગળ દર્શાવેલ અને તે પછીના વખતોવખતના ઠરાવોથી બિન ઉન્નત વર્ગો (Non-Creamy layer) નક્કી કરવાની નીતિ અમલમાં મુકી છે. ક્રમાંક: (૫) ઉપર દર્શાવેલ ઠરાવ ક્રમાંકથી બિન ઉન્નતવર્ગોને (Non-Creamy layer) પ્રમાણપત્ર આપવા માટે રાજ્ય સરકાર હેઠળના અનામતના દાયરા માટે (૧) જિલ્લા કલેક્ટર (૨) નાયબ/મદદનીશ કલેક્ટર/પ્રાંત ઓફીસર (૩) મામલતદારને બિન ઉન્નતવર્ગ પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારી તરીકે અધિકૃત કરેલ છે, પરંતુ સામાન્ય રીતે આવા પ્રમાણપત્રો ફક્ત મામલતદારો જ આપતા હોય છે.

૨. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના પરિણામો પછી ઉચ્ચ અભ્યાસના પ્રવેશ વખતે તેમજ વિવિધ ભરતી પ્રસંગે સક્ષમ અધિકારી મામલતદાર સમક્ષ બિન ઉન્નત વર્ગના પ્રમાણપત્રો માટે ભારે ઘસારો થતો હોય છે. ઉમેદવારો, વાલીઓ અને તંત્રને ભારે હાલાકી વેઠવી પડે છે. આ મુશ્કેલીઓ અને હાડમારીના નિવારણ માટે ગુજરાત રાજ્ય સરકાર હેઠળ વિવિધ શૈક્ષણિક પ્રવેશો અને સરકાર હેઠળની નોકરીઓમાં અનામત માટે બિન ઉન્નત વર્ગ નિર્ધારીત કરવા અને બિન ઉન્નત વર્ગના પ્રમાણપત્રો આપવા માટે ગુજરાત રાજ્ય સરકાર પુખ્ત વિચરણાના અંતે નીચે મુજબના ફેરફારો /સુધારણા કરાવવાનું ઠરાવે છે.

ઠરાવ :-

૧. રાજ્ય સરકારના દાયરા હેઠળના અનામત માટે બિન ઉન્નત વર્ગ (Non-Creamy layer) પ્રમાણપત્ર આપવા માટે હાલ (૧) જિલ્લા કલેક્ટર (૨) નાયબ/મદદનીશ કલેક્ટર/પ્રાંત ઓફીસર (૩) મામલતદારને અધિકૃત કરવામાં આવેલ છે. તેમાં વધારો કરીને હ્વેથી આવું પ્રમાણપત્ર આપવા માટે તાલુકા વિકાસ અધિકારી (Taluka Development Officer)ને પણ સક્ષમ સત્તાધિકારી (Competent authority) તરીકે અધિકૃત કરવામાં આવે છે.

૨. જાતિ જન્મથી જ નક્કી થતી હોવાથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીની જાતિ અંગેનું પ્રમાણપત્ર એક વખત લીધા પછી તે વારંવાર લેવાનું હોતું નથી, છતાંપણ અનુભવે જણાયું છે કે જ્યારે ઉમેદવાર/અરજદાર/વિદ્યાર્થી બિન ઉન્નત વર્ગનું પ્રમાણપત્ર લેવા જાય ત્યારે અગાઉથી જ વખતોવખતની નીતિ પ્રમાણે સક્ષમ સત્તાધિકારીએ આપેલું જાતિ પ્રમાણપત્ર હોવા છતાં સક્ષમ સત્તાધિકારી પુનઃ જાતિ પ્રમાણપત્ર કઢાવવાનો આગ્રહ

રાખે છે. અધિકારીઓનો આ અભિગમ ગેરકાયદેસર, બિનવ્યવહારુ અને પ્રજાને હાલાકી (Hardship) પહોંચાડનારો હોવાથી બિન ઉન્નત વર્ગનું પ્રમાણપત્ર આપતી વખતે અગાઉથી મેળવેલું જાતિ અંગેનું પ્રમાણપત્ર ગ્રાહ્ય રાખવાની સરકારની વર્તમાન નીતિનો પુનરોચ્ચાર કરી જાતિ પ્રમાણપત્ર ન કઢાવવા માટે તાકીદ કરવામાં આવે છે.

3. રાજ્ય સરકારના દાયરામાં આવતી અનામત નીતિ માટે બિન ઉન્નત વર્ગો નિર્ધારીત કરવા માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧/૧૧/૧૯૯૫ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૧૯૪/ખા.૧૦૯/અ થી વિવિધ છ પ્રકારની કક્ષા (Category) હેઠળ વિવિધ ૩૬ પેટા માપદંડો (Parameters) ને ધ્યાને લેવાના હોય છે. આ માપદંડમાં વાર્ષિક આવક પણ એક માપદંડ છે. વર્તમાન નીતિ પ્રમાણે વાર્ષિક આવક મર્યાદા રૂ.૬.00 લાખ (રૂપિયા છ લાખ પુરા) છે. જે તે વર્ષમાં ઉન્નત વર્ગનું પ્રમાણપત્ર લેતી વખતે વિદ્યાર્થી/ઉમેદવારના માતા-પિતાની અગાઉના ત્રણ વર્ષોની વર્ષવાર આવક ધ્યાને લેવાની હોય છે. એટલે કે અનામતના લાભના અગાઉના ત્રણેય વર્ષમાં જે તે ઉમેદવારના માતા-પિતાની આવક રૂ.૬.00 લાખ કરતા વધવી ન જોઇએ. હવેથી બિન ઉન્નત વર્ગનું પ્રમાણપત્ર લેવા માટે વાર્ષિક આવકનું ઉક્ત પ્રમાણપત્ર આવકનો માપદંડ બદલાયો ન હોય તો, ત્રણ નાણાકીય વર્ષ સુધી ગ્રાહ્ય રાખવાનું ઠરાવવામાં આવે છે. જો ઉમેદવારના માતા-પિતાની આવકમાં ફેરફાર થયો હોય તો અરજદારે સ્વયં આવા વધારા-ઘટાડાની પ્રમાણિક જાહેરાત પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારી સમક્ષ કરવાની રહેશે. અરજદાર/ઉમેદવાર આવી સ્વૈચ્છિક જાહેરાત ન કરીને આવકમાં વધારો છુપાવશે તો તેને મળેલો અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર ઠરશે અને કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે. અત્રે ઉલ્લેખનીય છે કે માત્ર આવકનો માપદંડ જ ત્રણ વર્ષ સુધી ગ્રાહ્ય રાખવામાં આવશે. અન્ય માપદંડોમાં થતા ફેરફારને કારણે બિન ઉન્નત વર્ગનો દરજ્જો સમાપ્ત થઇ શકે છે, તેથી અન્ય માપદંડ માટે તો પ્રવેશ કે ભરતી વખતે વિગતો રજૂ કરવાની રહેશે જ.

૪. બિન ઉન્નત વર્ગનું પ્રમાણપત્ર જે તે વિદ્યાર્થી/ઉમેદવાર અરજદારના માતા-પિતાના દરજ્જા (Status) અને આવકના કારણે નક્કી થાય છે, તેથી અન્ય સંતાન માટે જ્યારે બિન ઉન્નત વર્ગનું પ્રમાણપત્ર કઢાવવાનું થાય ત્યારે એક સંતાનના કિસ્સામાં લીધેલું ફક્ત આવકનું પ્રમાણપત્ર (અન્ય માપદંડ નહીં) બીજા ગમે તેટલા સંતાનોના કિસ્સામાં ત્રણ નાણાકીય વર્ષ સુધી ગ્રાહ્ય રાખવાનું ઠરાવવામાં આવે છે.

૫. બિન્ન ઉન્નત વર્ગના પ્રમાણપત્રો લેવા માટે રજૂ કરતા આધારો જેવા કે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, આવકના રીટર્ન, જમીનો અંગેના ૭/૧૨ના મહેસુલી ઉતારા, જાતિનું પ્રમાણપત્ર, રહેઠાણ અંગેના પુરાવા વગેરેની નકલો સ્વયં-પ્રમાણિત (Self-attestation) કરીને રજૂ કરી શકાશે.

૬. અત્રે એ પણ સ્પષ્ટતા કરવામાં આવે છે કે આ ઠરાવથી થયેલા ફેરફારો અને નક્કી કરેલી બિન ઉન્નત વર્ગના પ્રમાણપત્ર આપવાની નીતિ ફક્ત ગુજરાત સરકારના દાયરા હેઠળના વ્યવસાયિક શિક્ષણ પ્રવેશો અને નોકરીઓની ભરતી અને આનુસંગિક અનામત પૂરતી જ છે.

આ ઠરાવથી નક્કી કરેલી નીતિ ભારત સરકાર હેઠળના દાયરાને લાગુ પડતી નથી. તે માટે તો ભારત સરકારની વખતો વખતની નીતિ જ આખરી ગણાશે.

૭. તાલુકા વિકાસ અધિકારી સક્ષમ અધિકારી તરીકે નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર આપવા ઇન્કાર કરે અથવા તેઓ દ્વારા ખોટું નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર અપાયું હોવાનું જણાય, તેવા સંજોગોમાં અપીલની પદ્ધતિ વંચાણ (૮) ઉપર તા.૨/૬/૨૦૧૪ના ઠરાવ અનુસારની રહેશે.

૮. બિન ઉન્નત વર્ગનું પ્રમાણપત્ર આપવા માટેની ભારત સરકારની અને રાજ્ય સરકારની વખતોવખતની અન્ય સ્થાયી સુચનાઓ/આદેશો યથાવત રહેશે.

આ ઠરાવના અમલમાં જિલ્લા કક્ષાએ મુશ્કેલી ઉભી થાય તો તેના નિવારણ માટે વંચાણ (૭) ઉપરના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્રોના અમલના સરળીકરણ માટે જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં નિમાયેલી સમિતિ યોગ્ય વ્યવસ્થા ગોઠવી શકશે.

ઉપરોક્ત ઠરાવ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણની તા.૧૨/૬/૨૦૧૫ની તેમજ મહેસૂલ વિભાગની સંમતિથી અને માન.મુખ્યમંત્રીશ્રીના તા.૧૫/૬/૨૦૧૫ના આદેશથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.*
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.અધિ.)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક. મંત્રીશ્રી(વિકસતી જાતી)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવ શ્રીઓ,સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવ શ્રી, મહેસૂલ વિભાગ સચિવાલય, ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.

- અગ્ર સચિવ શ્રી, પંચાયત વિભાગ સચિવાલય, ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેકટર-૧૯, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.*
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર.*
- સચિવશ્રી, ગુજરાત જાહેરસેવા આયોગ, લાલદરવાજા, અમદાવાદ.*
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા મંડળ, અમદાવાદ.*
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.*
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓંને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીઓશ્રી (તાબાના સક્ષમ અધિકારીઓંને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.) (વિ.જા.ક. મારફત)
- કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- National Informatics Centre, બ્લોક નં.૧૩/૨જો માળ, નવાસચિવાલય, ગાંધીનગર.*
- શાખા સિલેક્ટ ફાઇલ

--------

* પત્ર દ્વારા.